सत्यमेव जयते

કેસ દાખલ તારીખ : ૧૮/૧૧/૨૦૨૫
રજી.થયા તારીખ : ૧૮/૧૧/૨૦૨૫
ફેસલ કર્યા તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
સમય ગાળો : વર્ષ:૦૦ માસ:૦૬ દિવસ:૨૨

**જસદણના મહે. એડી. ચીફ. જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. જસદણ.**

**ક્રિ.કે.નંબરઃ૧૩૧૮/૨૦૨૫**
**આંકઃ....**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:– કિશનભાઈ જયેશભાઈ રાઠોડ.

રહેવાસી:– દેવાપરા ગામ,
તા.–જસદણ, જી.–રાજકોટ.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.ચૌધરી
આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.વી.હતવાણી

ગુનો:પ્રોહીબિશન એક્ટની કલમ–૬૫(એએ) મુજબ.

# – ચુ કા દો –

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ–પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં ૫૦૦ એમ.એલ.ની ક્ષમતાવાળી દેશી દારૂ ભરેલ કોથળીઓ નંગ–૦૪, કિં. રૂા.–૪૦૦/–નો વેચાણ અર્થે રાખી મળી આવતા આરોપી વિરુદ્ધ ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કરતા પકડાઈ ગયેલ હોવા બાબતના ગુનાની ફરિયાદના આધારે તપાસનીશ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા, પંચનામા કરેલ તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. જ્યારે આંક–૦૫ થી આરોપીની ગુના સબબે પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | પંચ સાહેદ દિલીપભાઈ હરજીભાઈ મજેઠીયાની જુબાની | ૦૬ |
| ૨ | પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરની જુબાની | ૦૮ |
| ૩ | ફરિયાદી પો.સા. અજીમભાઈ નાસીરભાઈ સમાની જુબાની | ૧૦ |

| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૨ | ફરિયાદ | ૧૧ |

**૪.** ફરીયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી. આરોપીનું વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## **-: મુદ્દા :-**

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ-પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં ૫૦૦ એમ.એલ.ની ક્ષમતાવાળી દેશી દારૂ ભરેલ કોથળીઓ નંગ-૦૪, કિં. રૂા.-૪૦૦/-નો વેચાણ અર્થે રાખી મળી આવતા આરોપી વિરુદ્ધ ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ-૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

૬. ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## **-: ન્યાય નિર્ણય માટેનાં કારણો :-**

મુધ્ધા નંબરઃ-૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ પ્રોહીબિશન એક્ટની કલમ-૬૫(એએ) મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસનાં ન્યાય-નિર્ણય ઉપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદપક્ષ દ્ધારા તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૦૬ થી પંચ સાહેદ દિલીપભાઈ હરજીભાઈ મજેઠીયાનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, પોલીસે મને પો.સ્ટે.માં બોલાવેલ અને એક તૈયાર કાગળમાં સહી લિધેલી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. સહી શી બાબતની હતી તેની ખબર નથી. સ્થાનિક જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નંબર-૦૧ તરીકેની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક-૦૭ થી રજુ રાખવામાં આવેલ છે. પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે

દરમ્યાન પણ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૮. ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૦૮ થી પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, પોલીસે મને પો.સ્ટે.માં બોલાવેલ અને એક તૈયાર કાગળમાં સહી લિધેલી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. સહી શી બાબતની હતી તેની ખબર નથી. સ્થાનિક જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નંબર–૦૨ તરીકેની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક–૦૭ થી રજુ રાખવામાં આવેલ છે. પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૯. ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૦ થી ફરીયાદી અજીમભાઈ નાસીરભાઈ સમાનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, "તારીખ–૦૩/૦૬/૨૦૨૫ ના રોજ હું જસદણ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે અમો જસદણ પો.સ્ટે ગામડા બી બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમીયાન કલાક ૧૩/૩૦ વાગ્યે કોઠી રોડ પાસે આવતા એક ઈસમ શંકાસ્પદ હાલતમાં પોતાના હાથમાં પ્લાસ્ટીકની થેલી સાથે જોવામાં આવતા મજકુર ઈસમની તેની પાસે રહેલ થેલી સંતાડવા લાગતા થેલી ચેક કરતા અંદર પારદર્શક પ્રવાહી ભરેલ અલગ–અલગ કોથળીઓ હોય, જેના મોઢા ખોલી ચેક કરતા, અંદર કેફી પ્રવાહી ભરેલ દેશી દારૂ જેવી ખાટી અને તિવ્ર વાસ આવતી હોય, જેથી આપે તુરંત જ નજીકમાંથી બે રાહદારી માણસોને પંચમાં બોલાવી

પંચો રૂબરૂમાં મજકુર ઇસમનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ કિશનભાઇ જયેશભાઈ રાઠોડ, જાતે-કોળી, ઉ.વ.૨૮, ધંધો-મજુરી, રહે,જસદણ પોલાર પર રોડ, તા.જસદણ, જી.રાજકોટ મો.નં.૭૦૪૩૧૮૯૦૯૫ વાળો હોવાનું જણાવતો હોય. મજકુર ઇસમ પાસેથી મળી આવેલ પ્લાસ્ટીકની ૫૦૦ એમ.એલ.ની ક્ષમતા વાળા નંગ-૨૪ જોવામાં આવતા આ કોથળીઓમાંથી થોડુ-થોડુ પ્રવાહી લઈ એક પ્લાસ્ટીકની સેમ્પલ બોટલમાં આશરે ૨૦૦ એમ.એલ. જેટલુ પ્રવાહી ભરી જસદણ પો.ઈન્સ.ના હોદાથી લાખ દોરા વડે સીલ કરી કિ. રૂા.00/00 ગણી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબ્જે કરેલ છે. અને બાકીના ૫૦૦ એમ.એલ.ની ક્ષમતા વાળા કોથળીઓ નંગ-૨૪ દેશી દારૂ લીટર-૧૨ કિ.રૂા.૨૪૦૦/-નો ગણી તપાસણી અર્થે કબ્જે કરેલ છે.આમ મજકુર ઇસમે કોઇ પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં દેશી દારૂ વેચાણ અર્થે રાખી મળી આવેલ હોય. જેથી મજકુરે પ્રોહી. એક્ટ કલમ ૬૫ AA મુજબનો ગુનો કરેલ હોય. જેથી આપશ્રીએ પંચનામાંની વિગતે ઉપરોક્ત મજકુર ઇસમને કલાક ૧૪/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે. અને મારા સાહેદો પંચો તથા પોલીસ સ્ટાફના માણસો છે. હાલના બનાવની ફરીયાદ મે આપેલી મને ફરીયાદની નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક ૧૧** આપવામાં આવે છે. હું આરોપીઓને જોયેથી છું. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી."

ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને ઘણા માણસોની અવર-જવર હોય છે. બનાવવાળી જગ્યાએ ક્યારે અને ક્યા વાહનમાં ગયેલા તે જણાવેલ નથી.

**૧૦.** ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદપક્ષ દ્ધારા ફરીયાદી પો.સા. તથા પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે. પોલીસ સાહેદે ફરિયાદની હકિકતને અનુરૂપ પુરાવો આપવાનો પ્રયત્ન કરી જણાવેલ છે કે, બાતમી હકિકતના આધારે પંચો રૂબરૂ રેડ દરમ્યાન આરોપીના કબ્જામાંથી દેશી દારૂ મળી આવેલ તેમાંથી જરૂરી સેમ્પલ લઈ સીલ કરેલ અને વિગતવારનું પંચનામુ સ્થળ ઉપર જ પંચોની હાજરીમાં કરેલ હોવાનું જણાવે છે પરંતુ આ કામે ફરીયાદપક્ષ દ્ધારા આંકઃ૦૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દિલીપભાઈ હરજીભાઈ મજેઠીયા તથા આંક–૦૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરનાઓનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓ પંચનામાની હકિકત બાબતે કાંઈ જાણતા ન હોવાની હકિકત પુરવાર થાય છે તેમજ તેઓની હાજરીમાં કોઈ ઈસમ પાસેથી દારૂ મળી આવેલ હોય અને તે બાબતેનું કોઈ પંચનામુ કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. પંચ સાહેદોએ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, પંચ સાહેદના પુરાવાથી આંકઃ૦૭ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામાની હકિકતો જ પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં આંકઃ૦૭ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. આમ, પંચ સાહેદોની હાજરીમાં આંકઃ૦૭ વાળુ સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ

ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા પંચ સાહેદો પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેવા સંજોગોમાં પોલીસ સાહેદે જણાવેલ હકિકતમાં શંકા ઉત્પન્ન થાય છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવામાં શંકા ઊત્પન્ન થતી હોય ત્યારે તે સાબીતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે. તેવા સંજોગોમાં પંચ સાહેદોની જુબાનીને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં, પોલીસ સાહેદના જણાવ્યા મુજબ મળી આવેલ દારૂમાંથી જરૂરી સેમ્પલ લીધેલ પરંતુ તે સેમ્પલ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલી આપેલ હોય અને તેનું પુથ્થકરણ થયેલ હોવા બાબતેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આમ, સમગ્ર હકિકત ધ્યાને લેતા તેમજ પંચ સાહેદોના પુરાવાથી સ્થાનિક જગ્યાનું પંચનામું તેમજ મુદ્દામાલ સર્ચ, સીલ, સિઝર મેમાની હકિકતો પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાથી ફરીયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ ન હોય, આ કામના આરોપીને સદર ગુનામાં કસુરવાર ઠરાવી શકાય નહી. જેથી, ઊપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

# -: હુ ક મ :-

**૧.** આ કામનાં આરોપી કિશનભાઈ જયેશભાઈ રાઠોડનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૪૮(૧) અન્વયે ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ-૬૫(એએ) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારે કરી આપેલ જામીનખત રદ્દ કરવામાં આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત-મુચરકા અને જામીનખત ચાલુ રાખવામાં આવે છે.

**૩.** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખ : ૯મી, માહે : જુન, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**મુકામઃજસદણ.**
**તા.૦૯/૦૬/૨૦૨૬**

**(દેવાંગ ચંદ્રવદન રાવલ)**
**એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**જસદણ.જજ કોડ નંબર જીજે.૦૧૨૦૯**

V. D. THAKER
GUJ. STENOGRAPHER